# ૧ વાંદરાને વાંચતાં ન આવડે

K5V1E8

## ૧ ચાલો, ગાઈએ ગીતડું :

ઉંદર રે' છે દરમાં
માણસ રહેતો ઘરમાં
ચકો ચકી રે' માળામાં
બટેર તેતર જાળામાં
સમડીનું ઘર ઊંચા ઝાડે
ચામાચીડિયાં લટકે ડાળે
ગાય બકરી રહેતાં વાડે
વંદો તો ચૂપચાપ તિરાડે
સિંહ સૂવે છે બોડમાં
ને હું તો બાની સોડમાં !

## ૨ જુઓ અને કહો :



## ૩ વાતચીત :

૧. સુઘરીના માળામાં કોણ છે? તેને સુઘરીના માળામાં શું તકલીફ પડતી હશે?

૨. સિંહ ક્યાં છે? તે ત્યાં શું કરતો હશે?

૩. સિંહની બૉડમાં કોણ છે?

## ૪ વાર્તા વાંચો :

### વાંદરાભાઈનું ઘર

એક હતા વાંદરાભાઈ.

ખટખટ એનું નામ.

એને ઝાડે ઝાડે ફરવું ગમે ને છાપરાં ઉપર કૂદવું ગમે. બારેમાસ એક ઝાડથી બીજા ઝાડ પર ફરતો રહે, હૂપાહૂપ કરતો રહે.

શિયાળો શરૂ થયો. ધીમે ધીમે ઠંડી વધવા માંડી. ખટખટને ઠંડી લાગે એટલે એ એક ડાળથી બીજી ડાળે ફરતો જાય, એક છાપરા પરથી બીજા છાપરા પર કૂદતો જાય ને ઠંડી ભગાડતો જાય.

ખટખટે એક ઘર પાસે અચરજ જોયું.

થોડા માણસો ભેગા થઈ લાકડાં સળગાવીને બેઠા હતા. તેઓ લાલ લાલ અંગારા પાસે હાથ રાખતા હતા ને ગાલ પર મૂકતા હતા. "આહા! મળી ગઈ ઠંડી ભગાડવાની રીત." ખટખટે કૂદકા માર્યા. તેણે ખેતરોમાં ફરી ફરીને લાલ મરચાં ભેગાં કર્યાં. ઝાડ નીચે ઢગલો કર્યો. હૂપાહૂપ કરી દોસ્તોને બોલાવ્યા. બધાં ભેગાં મળી ઠંડી ભગાડવા બેઠા.

ખટખટ કહે, "આહાહાહા...! ઠંડી ભાગી રહી છે."

બધાં ધ્રૂજતાં ધ્રૂજતાં બોલવા લાગ્યા : "હા, ભાગી રહી છે."

ઝાડ પરના લાંબા માળામાં ઝૂલતી ચટપટ સુઘરી આ જોઈ રહી હતી. તેણે વિચાર્યું, "બિચારા વાંદરાભાઈ ઠંડીથી કેવા થથરે છે! ઠંડીથી બચવા હું તેમને મારા માળામાંય બોલાવી શકતી નથી."

ખટખટે તો ચટપટ સુઘરીને બોલાવી, "આવ... આવ... ચટપટ, તાપવા આવ..."

ચટપટ કહે, "ના, ના... સૉરી હોં

ખટખટ. હું તો મારા માળામાં છું. મને મારા આ ઘરમાં જરાય ઠંડી ન લાગે.''

ખટખટ કહે, ''એવું તે કંઈ હોય? આટલી બધી ઠંડી છે ને!''

સુઘરી કહે, ''પણ ઘર હોય તો ઓછી ઠંડી લાગે. હું તો કહું છું કે તમેય તમારું ઘર બનાવી લો ને! ઉનાળામાં ગરમી ઓછી લાગશે ને

ગાવા લાગ્યા :

ડાળે ડાળે કૂદીએ છીએ,
ઝાડે ઝાડે ફરીએ છીએ,
ઠંડીથી ક્યાં ડરીએ છીએ!
હૂપ હૂપાહૂપ હૂપ...
હૂપ હૂપાહૂપ હૂપ... (૨)



ચોમાસામાં વરસાદથીય બચી શકાશે. હું સરસ ઘર બનાવું છું એટલે તો મને સુઘરી કહે છે ને તમે મારા મિત્ર થઈને ઘર બનાવતા નથી?''

ખટખટને થયું, આ નાનકડી સુઘરી મને સલાહ આપવા નીકળી છે!

થોડીવાર પછી બધા સાથે હૂપાહૂપ કરી એક ઝાડથી બીજા ઝાડ પર ફરવા લાગ્યા ને

પછી આવ્યો ઉનાળો. આકાશમાંથી જાણે આગ વરસી રહી હતી. ખટખટ અને એના દોસ્તો પરસેવાથી રેબઝેબ. સૌ પોતપોતાની પૂંછડીઓથી પવન નાંખવા લાગ્યા.


સુઘરીબાઈએ માળામાંથી ઝૂલતાં ઝૂલતાં બૂમ પાડી, ''ખટખટ, એય ખટખટ... તારે ઘર નથી બનાવવું?''

ખટખટ તો ગીત ગાતો ગાતો બીજી ડાળે ઠેકડો મારી ગયો :


**ઝાડને છાંયે રહીએ છીએ,**
**પૂંછડેથી પવન નાખીએ છીએ,**
**ગરમીથી ક્યાં ડરીએ છીએ!**
**હૂપ હૂપાહૂપ હૂપ...**
**હૂપ હૂપાહૂપ હૂપ... (૨)**

ચટપટ સુઘરી તો પોતાના માળામાં ઝૂલતી રહી ને ખટખટ વાંદરાની ચિંતા કરતી રહી.

ચોમાસું આવ્યું. આકાશમાંથી વરસાદ તૂટી



પડ્યો. કડડડધૂમ... ગડડડધૂમ... વીજળીના કડાકા ભડાકા ને વાદળોનો ગડગડાટ... બધાં ઝાડ પાણીથી તરબોળ. બધે જ જળબંબાકાર જળબંબાકાર... ખટખટ ને તેના દોસ્તો ભીંજાઈ ગયા. માથે, મોઢે, પીઠે, પૂંછડે... પાણી જ પાણી... ઠંડીય ખૂબ લાગી.



માળામાંથી સુઘરી ફરફર કરતી આવી, તેણે જોયું કે બધા વાંદરા તેમની પૂંછડી ઊંચી કરી મિનારા જેવું બનાવીને બેઠા હતા ને ગાતા હતા :

**પૂંછમિનારમાં રહીએ છીએ,**
**પાણીમાં પલળીએ છીએ,**
**વરસાદથી ક્યાં ડરીએ છીએ!**
**હૂપ હૂપાહૂપ હૂપ...**
**હૂપ હૂપાહૂપ હૂપ... (૨)**

પછી ત્યાંથી હૂપાહૂપ કરતા ભાગી ગયા.

વાંદરાઓએ ઘર ન બનાવ્યું તે ન જ બનાવ્યું ને ચટપટ સુઘરીબાઈએ ચિંતાય છોડી દીધી.

## ⟨૫⟩ વાતચીત :

૧. વાંદરાઓએ શું કર્યું ત્યારે તમને સૌથી વધુ મજા પડી?

૨. વરસાદ આવતો હોય અને તમારી પાસે છત્રી ન હોય તો તમે શું કરો?

૩. કોઈ કારણસર, બે-ત્રણ મહિના ઘર વગર રહેવાનું થાય ત્યારે તમને શી તકલીફ પડે? શી મજા પડે?

૪. વાંદરાઓએ જે કર્યું તે તમને ગમ્યું? આપણે તેમને શો ઉપાય બતાવીશું?

૫. સુઘરી કેવી રીતે ઘર બનાવતી હશે?

૬. વાંદરાઓએ મરચાંનું તાપણું કેમ કર્યું હતું?

૭. મરચાનું તાપણું કરીએ તો શું થાય?

## ⟨૬⟩ વાર્તા વાંચો અને કહો :

નીચે આપેલા પ્રશ્નો પૂછો. વિદ્યાર્થીઓ ચોપડીમાં જોઈ જવાબ આપશે.

૧. વાંદરાનું નામ શું હતું?

૨. વાંદરાની ચિંતા કોણ કરતું હતું?

૩. ઘર વગર વાંદરાઓને કઈ-કઈ મુશ્કેલી પડી?

૪. ઠંડીથી બચવા વાંદરાઓએ શું કર્યું?

૫. 'આ નાનકડી સુઘરી મને સલાહ આપવા નીકળી છે.' - એવું વાંદરાએ કેમ કહ્યું હશે?

૬. વાંદરાઓ વારંવાર શું બોલતા હતા?

૭. સુઘરીની સલાહ સાચી હતી કે ખોટી? કેમ?

૮. સુઘરીએ વાંદરાની ચિંતા કેમ છોડી દીધી?

૯. નીચેનામાંથી કોણ-કોણ પોતાનું ઘર બનાવે? ✓ કરો.

(૧) બિલાડી (૨) ચકલી (૩) કબૂતર (૪) કૂતરો (૫) ગાય

## ⟨૭⟩ અભિનય :

૧. તમે વાંદરાભાઈ છો : ઠંડી, ગરમી, વરસાદથી બચવા શું કરશો?

૨. તમે સુઘરી છો : વાંદરાને શું કહેશો?

## ⟨૮⟩ છૂટી ગયેલા શબ્દ શોધો. વાર્તામાં જોઈ વાક્ય ફરી લખો. (જોડીકાર્ય)

- વિદ્યાર્થીઓને જોડીમાં બેસાડી વાર્તામાંથી નીચેનાં વાક્યો શોધવા કહો.
- તેઓને વાર્તાના વાક્યને અને નીચેના વાક્યને સરખાવવા કહો.
- આપેલા વાક્યમાં કયા શબ્દ છૂટી ગયા છે તે શોધવા કહો.
- ત્યારબાદ વાર્તામાં જોઈ, ઉદાહરણ મુજબ શબ્દ વચ્ચે યોગ્ય જગ્યા છોડી વાક્ય ફરીથી લખવા અને શોધેલા શબ્દ નીચે લીટી કરવા કહો.

ઉદા.

- બારેમાસએકઝાડથીબીજાપરફરતોરહે.

  બારેમાસ એક ઝાડથી બીજા <u>ઝાડ</u> પર ફરતો રહે.

૧. ખટખટેઘરપાસેઅચરજજોયું. ______

______

૨. બિચારાવાંદરાભાઈઠંડીથીકેવાછે! ______

______

૩. ઉનાળામાંગરમીલાગશેનેચોમાસામાંયબચીશકાશે. ______

______

૪. ખટખટએયતારેનથીબનાવવું? ______

______

૫. વાંદરાઓએનબનાવ્યુંતેજબનાવ્યું. ______

______

- **ચાલો ગાઈએ ગીતડું : ઉંદર રે' છે દરમાં...**

## ⟨૯⟩ ખાલીજગ્યા પૂરો અને મોટેથી વાંચો :

૧. માણસોને તાપતાં જોઈ ખટખટને ______ લાગી. (નવાઈ, નવરાશ)

૨. માણસો ______ થી તાપતા હતા અને વાંદરાઓએ તાપણું કરવા ______ ભેગાં કર્યાં. (લાલ મરચાં, લાલ અંગારા, લાલ લાકડાં)

૩. ખટખટે હૂપાહૂપ કરી પોતાના ______ ને બોલાવ્યા. (મિત્રો, વાંદરાઓ)

૪. ઉનાળામાં ખટખટને ખૂબ ________ થતો. (રેબઝેબ, પરસેવો)

૫. આખરે થાકીને સુઘરીએ વાંદરાઓની ________ કરવાની છોડી દીધી. (કદર, ફિકર)

## ૧૦ 'બ'માંથી સરખા અર્થવાળું વાક્ય શોધી તેનો ક્રમ ☐માં લખો :

| અ | | બ |
|---|---|---|
| ૧. બધા ધ્રૂજતા ધ્રૂજતા બોલતા હતા. | ☐ | ક. આકાશમાંથી ખૂબ પાણી વરસ્યું. |
| ૨. અચાનક વરસાદ તૂટી પડ્યો. | ☐ | ખ. તેમણે ઊંચો મિનાર જેવો આકાર કર્યો. |
| ૩. આકાશમાંથી આગ વરસી રહી છે. | ☐ | ગ. તેઓ ઠંડીથી થથરતા થથરતા વાતો કરતા હતા. |
| ૪. બારેમાસ એક ઝાડથી બીજા ઝાડ પર ફરે. | ☐ | ઘ. ખૂબ તાપ લાગે છે. |
| ૫. વાંદરાઓએ પૂંછડીઓનો મિનારો બનાવ્યો. | ☐ | ચ. આખું વર્ષ તેઓ ફર્યા કરે. |

## ૧૧ અભિનય :

**જૂથમાં ચર્ચા કરો. આ વાર્તાને પ્રાર્થનાસભામાં ભજવો.**

વિદ્યાર્થીઓને જૂથમાં બેસાડી-જો તેઓ વાંદરા કે સુઘરી બને તો શું કરશે? તેનો અભિનય કેવી રીતે કરશે? ક્યાં કૂદકા મારશે? - જેવા પ્રશ્નો પૂછતા રહો. જરૂર પડે કોને શું બોલવું તેનું માર્ગદર્શન આપો. આ વાર્તા તેઓ શાળાના બધા વિદ્યાર્થીઓ સમક્ષ ભજવી શકે તેવું અયોજન કરો.

## ૧૨ ઋતુ ઓળખો અને લખો :

૧. મારા ઘરમાં મને જરાય ઠંડી ન લાગે. શિયાળો

૨. બધા વાંદરા પાણીથી ભીંજાઈ ગયા. ________

૩. સુઘરી માળામાં ઝૂલતી હતી. ________

૪. વાંદરા પૂંછડી માથે મૂકી બેઠા. ________

૫. વાંદરાઓએ માણસોની નકલ કરી.

૬. ઝાડના છાંયે બેસી વાંદરા એકબીજાને પંખો નાખતા હતા.

૭. આકાશમાંથી વરસે આગ
ડોસી મને પવન નાખ.

૮. સળગાવીને લાકડાં,
તાપણું કરે માંકડાં.

૯. ડાળે ડાળે ફરીએ ને
કૂદીએ ઘરનાં છાપરાં.

૧૦. ગડગડાટ કરતાં વાદળાં,
પાણી આગળ પાછળ.

- **ચાલો, ગાઈએ ગીતડું :** ઉંદર રે' છે દરમાં...

**૧૩ શું હલકું? શું ભારે? કેવી રીતે ખબર પડે? કહો.**

૧. સુઘરીનો માળો કે ઝાડની ડાળી.

૨. લાકડાનું ટેબલ કે પ્લાસ્ટિકની ખુરશી

૩. ગુજરાતીની ચોપડી કે ગણિતની ચોપડી

૪. પેન્સિલ કે રબર

૫. લખોટી કે પ્લાસ્ટિકનો દડો

**૧૪ કોણ છે તે શોધો અને તેના વિશે એક વાક્ય લખો.**

**ઉદા.** ચાર અક્ષરનું એક નામ ☐ ☐ ☐ ☐

નામના છેલ્લા બે અક્ષરો છે 'તર' ☐ ☐ ત ર

ત્રીજો અને પહેલા અક્ષરથી બને 'તક' ક ☐ ત ર

તો એ કોણ હશે? ક બૂ ત ર

**વાક્ય :** કબૂતરને ચણતાં જોવાની મજા પડે.

૧. ચાર અક્ષરનું એનું નામ ☐☐☐☐

નામના પહેલા બે અક્ષરો છે 'કરો' ☐☐☐☐

પહેલા અને છેલ્લા અક્ષરથી બને 'કયો' ☐☐☐☐

ત્રીજો અક્ષર તમે ધારશો,

તો મળશે આઠ પગવાળા જંતુનું નામ ☐☐☐☐

વાક્ય :

૨. ચાર અક્ષરનું એનું નામ ☐☐☐☐

તેના ત્રીજા, બીજા અને પહેલા અક્ષરથી બને 'ચરક' ☐☐☐☐

ચોથા અને પહેલા અક્ષરથી બને 'લોક' ☐☐☐☐

તો એ કોણ હશે? ☐☐☐☐

વાક્ય :

૩. ચાર આક્ષરનું છે નામ ☐☐☐☐

પહેલા અને બીજા અક્ષરથી બને 'દર' ☐☐☐☐

પહેલા અને ચોથા અક્ષરથી 'દડો' ☐☐☐☐

પહેલા ત્રણ અક્ષરોથી બને એક કારીગર ☐☐☐☐

તો એ કોણ હશે? ☐☐☐☐

વાક્ય :

૪. પાંચ અક્ષરનું છે નામ. ☐☐☐☐☐

પહેલા બે અક્ષરથી બને 'કાન' ☐☐☐☐☐

ત્રીજો અને પાંચમો અક્ષર ભેગા થઈ બને 'ખરો' ☐☐☐☐☐

ચોથો અક્ષર માથામાં પડે તો ખંજવાળ આવે. ☐☐☐☐☐

તો એ કોણ હશે ? ☐☐☐☐☐☐

વાક્ય :

**૧૫ જોડીમાં ચર્ચા કરી, શું જુદું છે તે શોધો અને લખો.**






| તેજલનું ઘર | વિવેકનું ઘર |
| --- | --- |
| • તેજલના ઘર પાસેનો લીમડો જાડો છે. | • વિવેકના ઘર પાસેનો લીમડો પાતળો છે. |

**કહો :** **તમારા ઘર વિશે શું શું ગમે છે ને કયા કયા ફેરફાર કરવા જેવા છે તેની તમારા દોસ્તો સાથે વાત કરો.**

**લખો :** **તમે તમારું નવું ઘર બનાવો તો કેવું હોય તે લખો.**

(ક્યાં હોય, કેવડું હોય, કેવી વ્યવસ્થા હોય, કેવા રંગનું હોય, શું નામ રાખો.)

**કહો :** **તમારે તમારા મિત્રના નવા ઘરે રહેવાનું હોય તો શી મજા પડે? શી મુશ્કેલી પડે?**

વર્ગના બધા વિદ્યાર્થીઓના નામની ચિઠ્ઠીઓ બનાવો. વિદ્યાર્થીઓ વારાફરતી એક ચિઠ્ઠી ઉપાડશે. તે ચિઠ્ઠીમાં જેનું નામ હોય તેના નવા ઘર વિશે વાંચી ત્યાં રહેવામાં તેને શું મજા પડે કે મુશ્કેલી પડે તે જોડીમાં બેસી એકબીજાને કહેશે.

• **ચાલો, ગાઈએ ગીતડું :** ઉંદર રે' છે દરમાં...

## ⟨૧૬⟩ રીડિંગ ક્રિકેટ

વિદ્યાર્થીઓની બે ટીમ બનાવો. વર્ગની સંખ્યા વધારે હોય તો ૧૦-૧૦ની ત્રણ-ચાર ટીમ બનાવી શકાય. એક ટીમનો એક વિદ્યાર્થી વર્ગ સમક્ષ આવી નીચેનામાંથી એક વાક્ય મોટેથી વાંચશે. તે વખતે તે વાંચવામાં કોઈક ભૂલ કરે તો બીજી ટીમના વિદ્યાર્થીઓ 'આઉટ' એમ અપીલ કરશે. શિક્ષક તરીકે તમે અમ્પાયરની ભૂમિકામાં રહો. દરેક સાચા વાક્યના ૧૦ ગુણ મળે, એક ભૂલ થાય તો ૧ ગુણ કપાય. આ રીતે જે ટીમના સભ્યો વધુ ગુણ મેળવે તે રીડિંગ ક્રિકેટમાં વિજેતા બને.

૧. ગગન જગનના ગામ જા.

૨. ગામેગામ વરસાદ ગાજે.

૩. અજગર અને કેસર વરસાદમાં છબછબ કરે છે.

૪. બેં બેં બેં કરતી રાણી બકરી ઈયળ પાસે જઈને પડી.

૫. ઝાકળદીદી સૂરજભાઈને મળવા હળવે હળવે ઘરે ગઈ.

૬. જૈવિક ઘર ઉપર ચડી ખજૂર ખાતાં ખાતાં ટપાલીને ખીજવે છે.

૭. ફિરદૌસ અને ભૈરવ ધજા લઈ દોડતાં દોડતાં ગયા હતા.

૮. ઢોલકપુરનો બળિયો ભીમ શાક ફોલે અને ઠળિયા કાઢે.

૯. આશિષે સૈનિકને રૂમાલ આપ્યો.

૧૦. અક્ષય અને ઋત્વા શ્રાવણ માસમાં ત્રણ દિવસ પ્રજ્ઞાપુર રહેવા જાય છે.

૧૧. ઉનાળામાં ઉંદરને શેરડી ખાતાં થાક લાગ્યો.

૧૨. હવે મને ગુજરાતીમાં ગસતચ, નવપલ, અજખઝ, ટડહણ અને ડળહત્ર એમ બધું વાંચતાં આવડે છે.

૧૩. અત્તુભાઈ અને મત્તુભાઈ પત્તાં રમતા હતા. ત્યાં દત્તુએ મત્તુભાઈનું ઊંધું પત્તું ચત્તું કરી દીધું.

૧૪. સ્માર્ટ ફોનમાં ગેમ રમવા કરતાં મને તો મેદાનમાં ગિલ્લીદંડા રમવાની વધુ મજા પડે.

〈૧૭〉 ગીત :


## ટીકુબહેન તો વાંચનનાં શોખીન





ટીકુબહેન તો વાંચનનાં શોખીન
વાંચે નાના અક્ષરવાળી ચોપડીઓ રંગીન
ટીકુબહેન તો વાંચનનાં શોખીન
છોટા ભીમ ને સોટીપોઠી.... બધું જ વાંચે ખૂબ
બધી જ વાર્તા દાદી માફક બોલે આબેહૂબ
ટીકુબહેનનું લેશન કરતો વાર્તામાંનો જીન!
ટીકુબહેન તો વાંચનનાં શોખીન
ટીકુબહેનના ઘરમાં તો છે ચોપડીઓના થપ્પા
ટીકુની આજ્ઞાથી સાથે વાંચે મમ્મી-પપ્પા
વાંચતાં-વાંચતાં ઊંઘી જાય ને પહોંચી જાતાં ચીન...!
ટીકુબહેન તો વાંચનનાં શોખીન
એક દિવસ તો અજવાળામાં થયાં ટીકુબહેન ગૂમ
આખા ફળિયે શોધે સૌ કોઈ, ઝાઝી પાડે બૂમ
શાણાં ટીકુબહેન પલંગ નીચે વાંચનમાં તલ્લીન...!
ટીકુબહેન તો વાંચનનાં શોખીન

- હર્ષવી પટેલ



## ૧૮ વાતચીત :

૧. ટીકુબહેનને શું બહુ ગમતું?

૨. તમે શું વાંચો છો?

૩. વાંચવું, લખવું, ગાવું, રમવું - આ ચારમાંથી તમને શું કરવાનું ખૂબ ગમે?

૪. તમે ક્યારે વાંચવા બેસો છો?

૫. તમે ક્યાં વાંચવા બેસો છો?

૬. ટીકુબહેને તેના મમ્મી-પપ્પાને શું કરવાનું કહ્યું?

૭. તમારા ઘરમાં કોણ કોણ વાંચે છે?

૮. તમારા ઘરે કઈ-કઈ ચોપડીઓ છે? કાલે જવાબ આપજો.

૯. બધાં ટીકુબહેનને ક્યાં શોધતા હતા?

૧૦. ટીકુબહેન ક્યાંથી મળ્યાં?

## ૧૯ જોડો અને વાંચો :

| | |
|---|---|
| ૧. ટીકુબહેનને | • ઘણી બધી ચોપડીઓ હતી. |
| ૨. તેનું લેશન | • બૂમો પાડી શોધતા હતા. |
| ૩. તેના ઘરમાં | • સંતાઈને વાંચતાં હતાં. |
| ૪. તે પલંગ નીચે | • વાર્તાનો જીન કરી આપતો. |
| ૫. બધા ટીકુબહેનને | • વાંચવાનું ખૂબ ગમતું. |

## ૨૦ જુઓ, સમજો, લખો :

**ઉદા.** **નખીશો - શોખીન**

૧. ડીપચો - ________

૨. નજી - ________

૩. નશલે - ________

૪. ચેળિફ - ________

૫. નહેબકુટી - ________

૬. ગલંપ -

૭. જ્ઞાઆ -

૮. બાવાજઅ -

**〈૨૧〉 તમારા મિત્ર સાથે જોડીમાં બેસો. ગીતના બીજા પાંચ શબ્દ ઉલટાવી લખો. હવે તમે અને તમારા મિત્ર એકબીજા સાથે ચોપડી બદલાવી લો. તમારા મિત્રએ ઉલટાવેલ શબ્દો તમે સાચી રીતે લખો અને તમારા ઉલટાવેલા શબ્દો તમારા મિત્રને લખવા કહો.**

૧.

૨.

૩.

૪.

૫.

**〈૨૨〉 મોટેથી ગાઓ :**

જાણે મોટો કારીગર
ગૂંથી ગૂંથી બનાવે ઘર
એવું પક્ષી કયું વળી?
ડાળે લટકે જેનું ઘર?

**〈૨૩〉 ચાલો હસીએ :**

દીપુ : હેય ટીકુ, કેવો રહ્યો દિવસ?
ટીકુ : બેકાર યાર. અમારા ટીચરને કશું સાચું ન કહેવાય.
દીપુ : કેમ?
ટીકુ : એમણે પાટિયામાં ‘રાષ્ટ્રગીત’ લખ્યું ને પૂછ્યું રાષ્ટ્રગીત કોણે લખ્યું?
દીપુ : હં... તો...?
ટીકુ : મેં કહ્યું, “સર તમે...” તો મારી સામે ડોળા કાઢી જોઈ રહ્યા.
દીપુ : હા... હા... હા...